| | |
|---|---|
| **Headline:** NSE & SEBI organised investors' awareness camp in Ahmedabad | |
| **Source:** Economic Times- Gujarati | **Date:** 13 June2017 |

# NSE અને સેબી દ્વારા અમદાવાદમાં પ્રાદેશિક રોકાણ જાગૃતિ કાર્યક્રમ

**અમદાવાદઃ** નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ)એ તાજેતરમાં સેબીના સહયોગથી અમદાવાદમાં પ્રાદેશિક રોકાણકાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય વિષય 'નાણાકીય શિક્ષણ દ્વારા નાણાકીય સર્વસમાવેશિતા' હતો. લોકોને નાણાકીય સર્વસમાવેશિતા (ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન), નાણાબજારના લાભ તથા તેમની સંપત્તિમાં વૃદ્ધિ કરવા અંગે તેમનામાં જાગૃતિ ફેલાવવા તેમને જાણકારી આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. સેબીની પશ્ચિમ પ્રાદેશિક ઓફિસ (ડબલ્યુઆરઓ)ના રિજનલ ડિરેક્ટર સંતોષ શુક્લાએ જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવાની કામગીરીમાં સેબી હંમેશા અગ્રેસર રહી છે. દેશમાં નાણાકીય સર્વસમાવેશિતાને ઝડપી બનાવવા માટે સેબી ભવિષ્યમાં પણ આવાં પગલાં લેતી રહેશે.